## ચૂંટણી ચોતરેથી

● પાટીદાર અનામત આંદોલન સમિતિની મહત્વની બેઠક આજે સરગાસણ પાસેના ફાર્મ હાઉસમાં મળશે તેમાં આગામી ચૂંટણીની રણનીતિ અને અનામત મુદ્દે નિર્ણયો કરાશે.

● રાહુલ ગાંધીએ ઉત્તર ગુજરાતના પ્રવાસના બીજા દિવસે બનાસકાંઠાના બે મંદિરોમાં દર્શન કર્યા હતા. વાળીનાથ મંદિર તથા ટોટાણા મંદિરના દર્શન કર્યા હતા. આજે શંખેશ્વર જૈન દેરાસર તથા શકિતપીઠ બહુચરાજી મંદિરે દર્શન કરશે.

● સુરતમાં જેડીયુ પ્રમુખની પાસા હેઠળ અટકાયત કરાઈ છે.

● સરદાર પટેલ સેવા દળ (એસપીજી)ની પણ આજે કારોબારી બેઠક ગાંધીનગરના રાયસણમાં ભૈરવ પાર્ટી પ્લોટ ખાતે મળશે.

● હાર્દિક પટેલે ટવીટ કરી અનામત માંગણી મારો અધિકાર છે અને એમાં કરોડોનું સમર્થન છે. ભાજપ સરકાર હજુ અત્યાચાર કરે છે તેનો મત દ્વારા જવાબ આપીશું.

● અંબાજી-દાંતા માર્ગ પર રાહુલ ગાંધીએ પોતાનો કાફલો રોકી નીચે ઉતરી રસ્તે ઉભેલા બાળકોને ચોકલેટ આપી હતી.

● ગાંધીનગર ટાઉનહોલ ખાતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ચાર જિલ્લાના શકિત કેન્દ્રોમાં સંવાહકોને માર્ગદર્શન આપ્યું હતું.

● જન અધિકાર મંચના નેતા પ્રવિણ રામ રવિવારે સાંજે રાહુલ ગાંધીને મળશે અને કોંગ્રેસને સમર્થન આપવાની જાહેરાત કરશે.

● દાંતા અને પાલનપુરમાં રાહુલની સભાઓમાં પાટીદાર યુવાનો મોટી સંખ્યામાં ઉમટયા હતા અને જય સરદાર, જય પાટીદારના નારા લગાવ્યા હતા.

● ભાજપના પ્રદેશ પ્રમખ જીતુ વાઘાણીએ કારડિયા સમાજની કોઈ માફી નથી. સારા વાતાવરણમાં બેઠક મળી હતી અને ગેરસમજોને દુર કરાઈ હતી એમ ભાજપની સત્તાવાર યાદીમાં ભરત પંડયાએ જણાવ્યું હતું.

# પ્રજાના સહકારથી ભાજપનો જવલંત વિજય થશે : વિજય રૂપાણી

## અનારા ગામ અને કઠલાલ શહેરમાં મુખ્યમંત્રી દ્વારા ગૌરવ મહાસંપર્ક અભિયાનના અંતિમ દિનની ઉજવણી

કઠલાલ, તા. ૧૨

ભાજપ દ્વારા તા. ૭થી આરંભાયેલા ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનના આજે અંતિમ દિવસે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ખેડા જિલ્લાની કઠલાલ વિધાનસભાના ગામ અનારા અને કઠલાલ શહેરમાં વ્યાપક જનસંપર્ક કરીને પ્રજામત મેળવવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીની ઉપસ્થિતિથી પ્રજાજનોમાં એક અનેરો ઉત્સાહ સર્વત્ર જોવા મળ્યો હતો. ગલી, પોળ, ફળિયા અને મહોલ્લામાંથી મુખ્યમંત્રીને વધાવવા માટે અબાલ-વૃદ્ધ સૌ ઉમટી પડ્યા હતા. કેટલાક ઉત્સાહી ભાઈ-બહેનોએ અગાસીઓ અને અટારીઓમાંથી મુખ્યમંત્રીને અક્ષતઃ અને ફુલડે વધાવ્યા હતા.




પ્રજાજનોનો અનેરો ઉત્સાહ જોઈને મુખ્યમંત્રી પણ ભાવવિભોર બની ગયા હતા. કઠલાલમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સહર્ષ જણાવ્યું હતું કે, પ્રજાજનોનો જનસંપર્ક દરમ્યાન વ્યાપક સહકાર મળી રહ્યો છે. અભૂતપૂર્વ સાથ અને સહકારથી ભાજપનો જવલંત વિજય થવાનો જ છે તે નિશ્ચિત વાત બની ગઈ છે. જનકલ્યાણના કામોને જન જન સુધી પહોંચાડવામાં ભાજપ સફળ થયું છે અને જેના પરિણામે જ પ્રજામાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કાશ્મીરના સંદર્ભે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે અને રહેશે. ભાગલાવાદીઓ અને આતંકવાદીઓની કોઈપણ કારી કે પ્રવૃત્તિ ક્યારેય ફાવશે નહીં. કાશ્મીરને સંપૂર્ણ રક્ષિત કરવા માટે કેન્દ્રની સરકાર કટિબદ્ધ છે તેમાં કોઈ મીનમેખ નથી તેવો હૂંકાર પણ કર્યો હતો. ગૌરવ સંપર્ક અભિયાનના પ્રારંભે અનારા ગામે જિલ્લા ભાજપ પ્રમુખ અને સાંસદ દેવુસિંહજી ચૌહાણે કેસરી સાફો પહેરાવીને સ્વાગત કર્યુ હતુ. ૧૦,૦૦૦ની વસ્તી ધરાવતા અનારા ગામમાં પધારેલા મુખ્યમંત્રીનો સૌએ હોંશભેર આવકાર્યા હતા. ઠેરઠેર પાટીદાર સમાજે સમર્થન જાહેર કર્યાના ભીંતચિત્રો જોવા મળ્યા હતા. ભીંતચિત્રોમાં દર્શાવ્યું હતું કે, આજની જરૂરિયાત, અનામત તો જોઈએ પરંતુ ભાજપ સરકારના ભોગે નહીં... આમ, ભાજપને ભારે બહુમતિથી જીતાડવા માટેના સૌ સંકલ્પથી પ્રતિબદ્ધ હોવાનું જાવા મળ્યું હતું. અનારામાં આઝાદપોળથી શરૂ થયેલ સંપર્કનો દોર સંપૂર્ણ ગામમાં ફરીને પૂર્ણ થયો હતો. ત્યારબાદ કઠલાલ શહેરમાં પટેલ ખડકી પાસેના ઉમિયા માતાના મંદિરથી શરૂ કરીને આરંભાયેલ સંપર્ક યાત્રા સરદાર પોળ, આઝાદ પોળ સહિત રાજમાર્ગો પર ફરીને પરત ફરી હતી. કઠલાલમાં પણ ભારે જનમેદની મુખ્યમંત્રીને વધાવવા માટે ઉમટી પડી હતી. આ યાત્રા દરમ્યાન પ્રદેશ મહામંત્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ, મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈ, પૂર્વ ધારાસભ્યો કનુભાઈ ડાભી, બિમલભાઈ શાહ, મણીભાઈ પટેલ, મહામંત્રી ગોપાલભાઈ શાહ, નિલેશ પટેલ, દશરથભાઈ પટેલ, સરપંચ જીતેન્દ્રસિંહ ચૌહાણ સહિતના સૌ પ્રજાજનો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.









રાહુલ રણસંગ્રામમાં : અક્ષરધામથી અંબાજી સુધી ઉત્તર ગુજરાતના ચૂંટણી પ્રચાર દરમિયાન કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને પાલનપુર અને ડીસાની સભાઓમાં ભવ્યાતિભવ્ય સ્વાગત કરાયું હતું. સભાઓ અને રોડ શોમાં જનમેદની ઉમટતા કોંગ્રેસના કાર્યકરો ઉત્સાહમાં આવી ગયા હતા. રાહુલ ગાંધીએ કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતાં પ્રધાનમંત્રીના વચનોની લ્હાણી ઉપર ભારે કટાક્ષ કર્યા હતા. પ્રધાનમંત્રી મોદી આવતીકાલે ગુજરાતની પ્રજાને ચંદ્ર ઉપર લઈ જવાનું પણ વચન આપી શકે છે. એમના વચનો વાસ્તવિક્તાથી દૂર હોય છે એમ કહી કોંગ્રેસના કાર્યક્રમો અને રણનીતિની વાતો કરી હતી.

## રાહુલ ગાંધીએ અંબાજી ખાતે આઈટી સેલના સભ્યો સાથે બેઠક યોજી

અંબાજી,તા.૧૨

રાજ્યમાં ચૂંટણી પૂર્વે ભાજપ અને કોંગ્રેસના વોરરૂમ ધમધમતા થયાં છે. ચૂંટણીમાં સોશિયલ મીડિયા મહત્વની ભૂમિકા અદા કરતું હોય છે. ત્યારે કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ અંબાજી ખાતે આઈટી સેલના સભ્યો સાથે બેઠક યોજી હતી.

## ‘ઊનાકાંડ મોટી વાત નથી, આવી ઘટનાઓ તો બનતી રહે’ : રામવિલાસ પાસવાન

ગાંધીનગર,તા.૧૨

ઉનામાં દલિતો પર થયેલા અત્યાચારોએ આખા દેશમાં ખળભળાટ મચાવ્યો હતો ત્યારે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે આ હત્યાકાંડને સામાન્ય ગણાવતાં દલિતોમાં આક્રોશ ફાટી નિકળ્યો છે. મોદી સરકારના પ્રધાન રામવિલાસ પાસવાને શનિવારે એવું નિવેદન કર્યું હતું કે, ''ઊનાકાંડ જેવી નાનીમોટી ઘટનાઓ તો બનતી રહે''.ગુજરાતમાં ભાજપના પ્રચાર માટે આવેલા કેંદ્રીય મંત્રી રામવિલાસ પાસવાને કહ્યું કે, ''દલિતો પર થતા



અત્યાચારને હું વખોડું છું પણ ઊનાકાંડ બહુ મોટી ઘટના નથી. આવી નાનીમોટી ઘટનાઓ તો બનતી રહે, સરકારે એક્શન પણ લીધા છે. મારે ત્યાં બિહારમાં તો રોજેરોજ આવી ઘટનાઓ બને છે કોઈ નોંધ પણ લેતું નથી'' અમદાવાદમાં ભાજપનો પ્રચાર કરવા માટે આવેલા ભારત સરકારના મંત્રી રામવિલાસ પાસવાને પોતાની પાર્ટી આ વખતે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવાર ઊભા નહીં રાખે તેવી જાહેરાત કરી હતી. ભાજપ મીડિયા સેન્ટરમાં પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે સ્પષ્ટ કર્યું કે જ્યાં જીતી શકાય ત્યાં ચૂંટણી લડવાની હોય. કેન્દ્રમાં ભાજપ સાથે અમારું જોડાણ છે પછી ઉમેદવારો ઊભા રાખવાની શું જરૂર છે. ગુજરાતમાં ભાજપની સરકારે બને તેવી ઈચ્છા વ્યક્ત કરતા રામવિલાસ પાસવાને લોક જનશક્તિ પાર્ટી-એલજેપીના ગુજરાત સંગઠનમાં પણ પાટીદાર કાર્યકર્તા હોવાનો દાવો કર્યો હતો. એલજેપીમાં રહેલા પાટીદારોએ અનામતની માગણી કરી છે કે કેમ? તેના જવાબમાં પાસવાને કહ્યું કે ભારત એક બગીચો છે અને તેમાં દરેકને ખિલવાની તક મળવી જોઈએ.

## બટાટા હવે ગ્રામમાં વેચાશે, મોદીજીનું જૂઠ્ઠાણું તમે લોકો અમીર બની જશો : રાહુલ ગાંધી

ડીસા,તા.૧૨

પાલનપુર બાદ રાહુલ ગાંધી ડીસા પહોંચ્યા હતા. અહીં તેમણે નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કર્યા હતા અને બટાટાના ફૂડ પ્રોસેસિંગ યુનિટને લઈને કરેલા વચનની હાંસી ઉડાડી હતી. રાહુલે જણાવ્યું હતું કે, લોકોએ મને કહ્યું હતું કે, છેલ્લા ૨૨ વર્ષમાં બીજેપી અને નરેન્દ્ર મોદીએ બહુ વાયદા કર્યા છે. બહાર લોકોએ મને કહ્યું કે મોદીજીએ અહીં એક વચન આપ્યું હતું. બટાટા ઉગાડે છે તેમને વાયદો કર્યો હતો કે, તમે લોકો બટાટા કિલોના ભાવે નહીં પણ ગ્રામમાં વેચશો. આજે બટાટા છે તે કાલે સોનું થઈ જશે. આખી દુનિયામાં જઈશ અને તેનો એટલો ભાવ વધશે કે બધા ખેડૂતો અમીર થઈ જશે.

## પાટણમાં ભાજપના પ્રવેશ પર પ્રતિબંધના પોસ્ટરો લાગ્યા

પાટણ,તા.૧૨

અનામત અંગેની માંગણી ન સંતોષાતા રોષે ભરાયેલા પાટીદારોએ ભાજપ સામે પોસ્ટર વોર શરૂ કરી દીધું છે. નાગાર, લીંબડી, મહેસાણા બાદ હવે પાટણમાં પણ પાટીદારોએ ભાજપ સામે પોતાનો રોષ ઠાલવતા પોસ્ટર લગાવ્યા છે.

પાટણના ઉંચીશેરી અને ગુર્જરવાડામાં આ ભાજપ વિરોધી પોસ્ટરો લગાડવામાં આવ્યા છે. આ પોસ્ટરો પ્રમાણે આ જગ્યાએ ભાજપની સામે ૧૪૪ની કલમ લાગુ કરાઈ પ્રવેશબંધી ફરમાવવામાં આવી છે.

ગુજરાતમાં ચૂંટણીની તારીખ સાવ નજીક આવી ગઈ છે, ત્યારે અનામત માટે થઈને પાટીદારોમાં ભાજપ પ્રત્યે રોષ જોવા મળી રહ્યો છે. જો કે આ વિસ્તારોમાં કોંગ્રેસ માટે કોઈપણ પ્રકારના પોસ્ટરો લગાવવામાં આવ્યા નથી અને તેમને પ્રવેશ છે કે નહીં તે પણ જાણવા મળ્યું નથી.આ પોસ્ટર પર હાર્દિક પટેલ અને સરદાર વલ્લભભાઈ પટેલનો ફોટો લગાવવામાં આવ્યો છે. જેમાં લખવામાં આવ્યું છે કે, ‘ભાજપના કોઈપણ કાર્યકર્તાઓએ અહીં ભીખ માંગવા કે કોઈપણ રાજકીય કરાર માટે પ્રવેશ કરવો નહીં.’ અઠવાડિયા પહેલા મહેસાણાના પરા વિસ્તારમાં પણ ભાજપને પ્રવેશવા નહીં દેવા માટેના પોસ્ટરો લગાવવામાં આવ્યા હતા. મહેસાણાનો પરા વિસ્તાર એ પાટીદારોનો ગઢ માનવામાં આવે છે. જો કે આ પ્રકારના પોસ્ટરો પર ભાજપે કોઈ પ્રતિક્રિયા આપી નથી.

## પાસની ચીમકી, મોરબી-બોટાદ બેઠકમાં ટિકીટ નહીં મળે તો કોંગ્રેસને હરાવીશું

ગાંધીનગર,તા.૧૨

ગુજરાતમાં ચૂંટણીની જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે, એવામાં ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષે કયા ઉમેદવારોના નામ પર ચર્ચા થશે અને કયા ઉમેદવારોને ટિકીટ અપાશે તે ચર્ચાનો વિષય બની ગયો છે.કોંગ્રેસમાં તો છેલ્લા ઘણા દિવસોથી કેટલાક નેતાઓ અને કાર્યકર્તાઓ પોતાની બેઠક માટે ટિકીટ માગી રહ્યા છે. જો કે આ વખતે પાટીદારો પણ ચૂંટમીમાં ઝંપલાવવા જઈ રહ્યા છે. એવામાં પાટીદારોના કેટલાક સંભવિત નામો પણ જાણવા મળી રહ્યા છે. પાસની ટીમે કોંગ્રેસને મોરબીની ટંકારા સીટ માટે મનોજ પનારાને ટિકીટ આપવાની માગણી કરી છે. જો મનોજ પનારાને ટિકીટ ન આપવામાં આવે તો મહેશ રાજકોટિયા માટે ટિકીટ માંગી છે, પરંતુ આ બંનેમાથી કોઈ અન્યને ટિકીટ અપાશે તો કોંગ્રેસને હરાવવાની પણ ચીમકી આપવામાં આવી છે.

પાસ કમિટીના એક સભ્યે જણાવ્યું હતું કે, ‘અમે કોંગ્રેસ પાસે મોરબીની ટંકારા સીટ માટે મનોજ પનારાને ટિકીટ આપવાની રજૂઆત કરી છે. જો મનોજ પનારાને નહીં તો મહેશ રાજકોટિયા માટે ટિકીટ માગી છે. જો કોંગ્રેસ અમને ટિકીટ નહીં આપે તો અમે ભાજપ અને કોંગ્રેસ બંનેની મોરબીમાંથી વિદાય કરીશું અને અપક્ષનો સાથ આપીશું.’ છછજીની ટીમે મોરબીની ૩ સીટોમાંથી ૧ સીટ ટંકારાની સીટ માટે મનોજ પનારાને ટિકીટ આપવાની રજૂઆત કરી છે.

બીજી તરફ બોટાદમાં પણ કોંગ્રેસની પાસની ટીમ દ્વારા ચીમકી આપવામાં આવી છે. બોટાદની પાસની ટીમે કોંગ્રેસને ચીમકી આપતાં કહ્યું છે કે, કોંગ્રેસ દ્વારા કોઈપણ આયાતી ઉમેદવારોને ટિકીટ આપવામાં ન આવે. સ્થાનિક ઉમેદવારોને લાભ આપવામાં આવે.

# પ્રાંતિજના ધડકણ ખાતે ખેડૂત મહાસંમેલન યોજાયું

## પાટીદાર અનામત પાસ કન્વિનર હાર્દિક પટેલ ઉપસ્થિત : પાટીદારો દ્વારા મજરા ચોકડીથી ધડકણ ગામ સુધી ડીજેના તાલે સ્વાગત કરવામાં આવ્યું : હજારોની સંખ્યામાં પાટીદારો ઉપસ્થિત રહ્યા

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાનાં ધડકણ ખાતે ખેડૂત મહા સંમેલન યોજાયું હતું. જેમાં પાટીદાર અનામત ના પાસ કન્વીનર હાર્દિક પટેલ સહિત પાટીદાર અનામતના પાસના કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં. હજારોની સંખ્યામાં ધડકણ સહિત તાલુકામાંથી પાટીદાર સમાજના લોકો ઉપસ્થિત રહ્યાં હતા.

ધડકણ ખાતે ખેડૂત મહા સંમેલન યોજાયું હતું. જેમાં પાટીદાર અનામત સમિતિના પાસ કન્વિનર હાર્દિક પટેલ, દિનેશ બામણીયા, અનિલ પટેલ, ઝેરીડા ગલીયા, અનુજ પટેલ સહિત પાસ કન્વિનરો ઉપસ્થિત રહ્યાં હતા. ખેડૂત મહા સંમેલન જાહેર સભામાં ફેરવાયું હતું અને જય સરદારના નારા સાથે હાર્દિક પટેલે ભોળાભાઈને યાદ કરી નમન કરી ચાલુ સરકાર ઉપર ચાબખાં માર્યા હતાં અને કહ્યું કે અંહી ઉપસ્થિત જનમેદનીને ચવાણું કે લકઝરી બસમાં લાવવામાં નથી આવ્યાં પણ સમાજના હિત માટે



આવનારી પેઢી યુવાનોની સલામતી માટે આપમેળે આવ્યા છે અને હું શાહરૂખના કે અમિતાભ બચ્ચન નથી કે લોકો મને જોવા માટે આવે પણ વિશાળ સંખ્યામાં બધા અનામત માટે આવ્યા છે અને ખેડૂતોને કપાસ, શાકભાજીમાં ભાવ મળતા નથી અને આ નપુશક નેતાઓને સત્તામાં બેસાડી છે જે યુવાનોને મહિલાઓને સુરક્ષા આપવામાં નિષ્ફળ ગઈ છે. તો ખેડૂતનો દિકરો છું એટલે મને ખબર છે કે ખેડૂતની પીડા શું હોય એ મને ખબર છે. તો ભાજપે ૧૪ છોકરા મારી નાંખ્યા છે તેમનો વિરોધ કરીશ અને અમે ફકત અનામત માંગીને તમે ૧૪ના જીવ લીધા છે. મને મહેસાણા, વસ્ત્રાલ, પાટણમાં જવા દેવામાં મનાઈ ફરવવામા આવ્યો છે. તો અલ્પેશ ઠાકોર, જીગ્નેશ કોંગ્રેસમાં જોડાયા અને હુ ખાલી વાર્ત પણ કરું તો મને એજન્ટ તરીકે કહેવામાં આવે છે. તો નરેન્દ્ર મોદીનું નામ લીધા વગર ચાબખા માર્યા હતાં અને જો સમાજનું ભવિષ્ય હિત જોય તુ હોય તો એક થવું પડશે અને ભાજપને મતના આપવા પાટીદારોને આહવાન કરવામાં આવ્યું હતું. તો સાહેબ કદાચ સાબરકાંઠામાં આવશે બે આસું પાડી જશે તો પાટીદાર બહેનોને તેમના હથિયાર પાછા તૈયાર કરવાં પણ જણાવ્યું હતું. ગુજરાતમાં તમામ પાટીદાર ગામડાઓમાં ૧૪૪ ના બોર્ડ મારવાં પાટીદાર સમાજને આહવાન કર્યું હતું. નરેન્દ્ર મોદી અને અમિત શાહ સામે છાતી ઠોકીને લડીશ અને મને જેલ થાય તેની ચિન્તાં નથી તો ભાજપ સરકાર સમાજમાં તિરાડ પાડવાં માંગે છે અને જો મારા માતા પિતા પણ જો ભાજપમાંથી લડે તો તેમને પણ વોટ નહી આપવાં પાટીદાર સમાજના લોકોને આહવાન કરવામાં આવ્યું હતું. હજુ હું ત્રણ વર્ષ સુધી કોઈ પણ પાર્ટીમાં જોડાવવાનો નથી મારા ઉપર વિશ્વાસ રાખજો. આ પ્રસંગે પ્રાંતિજ તથા તાલુકામાંથી પાટીદાર સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતા.

## ઉનાની અમાનુષી ઘટના મુદ્દે પાસવાનને બિહાર સાથે સરખામણી કરી ગુજરાતનું અપમાન કર્યું છે : પાર્થેશ પટેલ

ગાંધીનગર,તા.૧૨

જનવિકલ્પ પાર્ટીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રના ઉનામાં ૩ થી ૪ દલિતોને મૃત ગાયની ચામડી ઉતારવાના આરોપસર ઢોર માર મારવો, તેમની ચામડી ઉધેડી નાખવાનો પ્રયાસ અને ઢોરની જેમ ગાડીની પાછળ બાંધીને ગામમાં ફેરવવાની અમાનવીય, અમાનુષી, અત્યાચારી અને ઐતિહાસિક ઘટના જેઓ પોતે દલિતોના હામી હોવાનો દાવો કરે છે તેવા દલિત કેન્દ્રીયમંત્રી રામવિલાસ પાસવાનને નાની-મોટી ઘટના લાગે છે અને બિહારમાં તો રોજ આવી ઘટના બને છે તેવો વાણીવિલાસ અને બફાટ કરનાર જાડી ચામડીના મંત્રી ભાજપને મુબારક હો. ભાજપે આવા બેજવાબદાર, બિન સવેદનશીલને કેન્દ્રમાં મંત્રી બનાવ્યા, પાસવાનના પક્ષની સાથે ગઠબંધન કર્યું છે ત્યારે જેઓ ગુજરાતનું ગૌરવ, ગુજરાતની અસ્મિતા જાણતા નથી તેવા પાસવાન ઉનાની ઘટના ને લઈને ગુજરાતની સરખામણી બિહાર સાથે કરે છે ત્યારે ભાજપે ગાજવાને બદલે લાજવું જોઈએ અને દલિતોને ન્યાય આપ્યાના બણઘા ફૂંકવાનું બંધ કરવું જોઈએ કેમ કે આ એ જ પાસવાન છે કે જેઓ બિહારને જંગલરાજ કહેતા હતા અને હજુ આજે પણ એમજ કહે છે કે ઉનામાં દલિતોને જે રીતે માર્યા છે એવી ઘટના તો બિહારમાં રોજેરોજ થાય છે! કેન્દ્રના દલીતમંત્રીને દલિતો પર અમાનુષી અત્યાચારની ઘટના નાની લાગે છે ત્યારે ભાજપે મૌન તોડીને પાસવાનને પૂછવું જોઈએ કે તેઓ તો પછી મોટી ઘટના કોને માને છે? શું દલીતોને ગોળીઓ મારી દેવી એ ઘટના પાસવાન માટે મોટી ઘટના હશે? ધિક્કાર છે આ દલિત નેતાને.